# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૦૬/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા આયોજિત 'યાર્ન એક્ષ્પો– ૨૧'માં દેશભરમાંથી બે દિવસમાં ૧૧ હજારથી વધુ બાયર્સ મુલાકાત લીધી

## ઇચ્છલકરંજી, સેલવાસ, નંદુરબાર, નાશિક, સેલમ, વારાણસી, ભીવંડી, કોડીનાર, તિરૂપુર, મુંબઇ, દિલ્હી, કોલકાતા, કોલમ્બો, ઇરોડ, લુધિયાણા, ભાગલપુર, બેંગલુરુ, ભીલવાડા, ભોપાલ, ચેન્નાઇ, ટર્કી, ગુડગાવ, હૈદરાબાદ, ઇન્દોર, જયપુર, કાલવા, કલ્યાણ, નવી દિલ્હી, નોઇડા, ઠાણે અને વેંકટગીરીથી બાયર્સ અને મુલાકાતીઓ યાર્ન પ્રદર્શનમાં યાર્નની વેરાયટીઓ જોવા ઉમટી પડયા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે તા. ૫ થી ૭ ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન સવારે ૧૦:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'યાર્ન એક્ષ્પો– ૨૦૨૧' યોજાયો છે. જેમાં બે દિવસ દરમ્યાન ૧૧ હજારથી વધુ બાયર્સ અને મુલાકાતીઓએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતુ કે, કેળાના અને પાઇનેપલના વેસ્ટમાંથી બનતું ફાઇબર અને તેમાંથી બનતું યાર્ન આકર્ષણનું કેન્દ્ર બની રહયું છે. તદ્દુપરાંત વિશિષ્ટ યાર્નમાં ટેનસેલ લકસ યાર્ન

(અહિંસક સિલ્ક, વિગન સિલ્ક), બનાના યાર્ન (કેળાનો કાંતો), બામ્બુ યાર્ન (વાંસનો કાંતો), પ્લાસ્ટીકની બોટલમાંથી બનાવવામાં આવેલું ૧૦૦ ટકા રિસાયકલ પોલિએસ્ટર યાર્ન, એન્ટીમાઇક્રોબિઅલ યાર્ન (મેડીકલ ઉપયોગ માટે), વિસ્કોસ ફિલામેન્ટ યાર્ન (ડાઇડ યાર્ન), નાયલોન રિસાયકલ યાર્ન (જીઆરએસ પ્રમાણિત ૧૦૦ ટકા રિસાયકલ યાર્ન), વિસ્કોસ સ્પન યાર્ન, પોલિએસ્ટર સ્પન યાર્ન, નાયલોન એન્ડ પોલિએસ્ટર હાઇટેનાસિટી યાર્ન (ઔદ્યોગિક ઉપયોગ માટે), ડાઇડ યાર્ન, ફેન્સી યાર્ન, કોટન તથા અન્ય નેચરલ યાર્ન પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવી રહયું છે.

યાર્ન એક્ષ્પોમાં પ્રદર્શિત કરવામાં આવી રહેલા અલગ અલગ વેરાયટીના યાર્નને નિહાળવા માટે દેશભરમાંથી વિવર્સ અને ટેકસટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પ્રદર્શનની મુલાકાતે આવી રહયા છે. જેમાં ઇચ્છલકરંજી, સેલવાસ, નંદુરબાર, નાશિક, સેલમ, વારાણસી, ભીવંડી, કોડીનાર, તિરૂપુર, મુંબઇ, દિલ્હી, કોલકાતા, કોલમ્બો, ઇરોડ, લુધિયાણા, ભાગલપુર, બેંગલુરુ, ભીલવાડા, ભોપાલ, ચેન્નાઇ, ટર્કી, ગુડગાવ, હૈદરાબાદ, ઇન્દોર, જયપુર, કાલવા, કલ્યાણ, નવી દિલ્હી, નોઇડા, ઠાણે અને વેંકટગીરીથી બાયર્સ યાર્ન પ્રદર્શનમાં આવી રહયા છે.

પ્રથમ દિવસે યાર્ન એક્ષ્પોમાં ૫૧૨૭ અને બીજા દિવસે ૫૮૮૫ મળી કુલ ૧૧૦૧૨ બાયર્સ તથા મુલાકાતીઓ ઉમટી પડયા હતા.